જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)
ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬
તા. ૨૮-૦૯-૨૦૨૧
(#Azadi ka Uatsav-Amrit Mahotsav)

## 'ગુલાબ' વાવાઝોડાના અનુસંધાને હવામાન ચેતવણી અને કૃષિ સલાહ




**વરસાદ:** જામનગર જીલ્લાની મોટાભાગની જગ્યાઓ પર આજે અને આવતી કાલે મધ્યમથી ભારે, ઘણી જગ્યાઓ પર ભારે થી અતિ ભારે અને અમુક જગ્યાઓ પર અત્યંત ભારે વરસાદની શક્યતા છે.

- આ પરિસ્થતિમાં ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે બધાજ ખેત કાર્યો મુલવતી રાખવા જેવા કે

  આગોતરું વાવેતર કરેલ મગફળીને ઉપાડવી નહી.

  બજારો/જુવારના ડુંડાને લણવા નહી.

  કોઈ પણ પ્રકારની દવાનો છંટકાવ કરવો નહી.

- ખેતરમા ખુલ્લામા પડેલ બાજરી જુવાર કે અન્ય ચારાને પણ સલામત જગ્યાએ સુંગ્રહવાની વ્યવસ્થા કરવી. કાપણી કરેલ પાકને સલામત જગ્યાએ પહોચાડવો અથવા ત્યાં જ ઢાંકી દેવો.
- બાગાયતી પાકોની જાળવણી માટે લાકડાના ટેકા મુકવા.
- પશુઓને શેડમાં સલામત સ્થળે રાખવા. પશુઓના શેડની બરાબર ચકાસણી કરી લેવી, અને ઉડી ન જાય તેની કાળજી રાખવી. પશુઓને ખુલ્લામાં ઇલેક્ટ્રિક થાંભલા સાથે કે ઝાડ નીચે ન બાંધતા સલામત જગ્યાએ રાખવાની વ્યવસ્થા કરવી.
- નદીઓના નીચાણવાણી જગ્યાઓ પર રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવાની સલાહ આપવામાં આવે છે.